# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **સલામતીના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું શાંતિપૂર્ણ માહોલમાં મતદાન શરૂ.**
2. **અમદાવાદમાં EDએ રોકાણકારો સાથે કરવામાં આવેલી ક્રિપ્ટો કરન્સી છેતરપિંડીમાં એક હજાર ૬૪૬ કરોડ રુપિયા અને કાર તેમજ ડિજીટલ ઉપકરણો જપ્ત કર્યાં.**
3. **વડનગરમાં 22 કરોડ રૂપિયાના ખર્ચે કન્સ્ટ્રક્શન સ્કીલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ સ્થપાશે.**
4. **અમદાવાદમાં બેકાબૂ કારના ચાલકે એક સાથે પાંચ વાહનોને અડફેટે લેતા એક મહિલાનું મોત.**
5. **ટોરેન્ટ પાવર અંડર-20 ફૂટબોલ કપની ફાઇનલ મેચમાં આણંદને હરાવીને અમદાવાદ જિલ્લાની ટીમ ચેમ્પિયન બની.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODY ELECTION (PAGE-1)

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું સવારથી શાંતિપૂર્ણ મહાલોમાં મતદાન શરૂ થયું છે. સાંજના 6 વાગ્યા સુધી મતદાન થશે. 18 ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે.

સામાન્ય ચૂંટણી હેઠળની 66 નગરપાલિકાના 461 વોર્ડ પૈકી 24 વોર્ડ સંપૂર્ણ બિનહરીફ થયા. કુલ 1 હજાર 844 બેઠકોમાંથી 167 બેઠકો બિનહરીફ થ તાં 1 હજાર 677 બેઠકો પર ચૂંટણી યોજાઈ છે. આ માટે કુલ 7 હજાર 374 ઉમેદવારો મેદાનમાં છે.

આ ઉપરાંત ગાંધીનગર , કઠલાલ તથા કપડવંજ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી અંતર્ગત 178 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

જૂનાગઢ મહાનગરપાલિકાની 52 બેઠકો પર ચૂંટણી થઈ રહી છે. જેમાં 157 ઉમેદવારો મેદાનમાં છે. જૂનાગઢ તેમજ ગાંધીનગર, કઠલાલ અને કપડવંજ તાલુકાના પંચાયતની સામાન્ય ચૂંટણી અને વિવિધ સ્થાનિક સ્વરાજ્યની મધ્યસ્થ તેમજ પે ટા ચૂંટણી માટે આજે મતદાન ચાલી રહ્યું છે.

મહીસાગર જિલ્લાની બાલાસિનોર , લુણાવાડા અને સંતરામપુર નગરપાલિકાઓમાં અને ખાનપુર તાલુકા પંચાયતની કનોડ બેઠક માટે જિલ્લામાં 98 બુથ પર મતદાન શરૂ થયું છે. જેમાં 72 સંવેદનશીલ બુથ છે અને 26 બૂથને અતિ સંવેદનશીલ જાહેર કરાયા છે.

છોટાઉદેપુર નગરપાલિકાની 7 વોર્ડની 28 બેઠકો માટે મતદાન શરૂ થયું છે. જેમાં 21 હજાર 767 જેટલા મતદારો મતદાન કરી રહ્યા છે.

ડાંગ જિલ્લા જિલ્લા પંચાયતની કડમાળ બેઠકની પેટા ચૂંટણીમાં કુલ 14 હજાર 257 મતદારો પોતાના મતાધિકારનો કરી રહ્યા છે.

અમરેલી જિલ્લાના ચલાલા, લાઠી, રાજુલા, જાફરાબાદ નગરપાલિકા તથા અમરેલી, સાવરકુંડલા, દામનગરનાં પાલિકાની ચાર સામાન્ય અને ત્રણ વોર્ડની પેટા ચુંટણીમાં અને તાલુકા પંચાયતની વોર્ડ અને જુના વાઘણીયા , કરિયાણા, મીઠાપુર તાલુકા પંચાયત અને ત્રણ બેઠકોની પેટા ચુંટણી માટે આજે મતદાન શરૂ થયું છે.

રાજકોટ જિલ્લામાં ભાયાવદર , જસદણ, જેતપુર-નવાગઢ, ધોરાજી તથા ઉપલેટા એમ પાંચ નગરપાલિકા તથા ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણી માટે મતદાન થશે. આ માટે ૩૧૭ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.

પાટણ જિલ્લામાં ચાણસ્મા , હારીજ અને રાધનપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં 164 ઉમેદવારો મેદાનમાં છે. સિધ્ધપુર નગરપાલિકાના વોર્ડ નં. ૧ અને ૭ની પેટા ચૂંટણીમાં કુલ 4 ઉમેદવારો વચ્ચે સ્પર્ધા છે. સમી તાલુકા પંચાયતની ૭-કનીજ બેઠક અને સિધ્ધપુર તાલુકા પંચાયતની ૧૯-સમોડા બેઠકની પેટા ચૂંટણીનું આજે મતદાન થશે.

વલસાડ નગરપાલિકામાં 11 વોર્ડની કુલ 44 બેઠકો પૈકી 7 બેઠકો બિનહરીફ જાહેર થઈ છે, બાકીની 37 બેઠકો માટે 105 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે, જેમાં મતદારો 100 મતદાન મથકો પર મતદાન કરશે.

# ED CASE

અમદાવાદમાં પ્રવર્તન નિદેશાલયે (ED) સામાન્ય રોકાણકારો સાથે કરવામાં આવેલી ક્રિપ્ટો કરન્સી છેતરપિંડીમાં એક હજાર ૬૪૬ કરોડ રૂપિયાના ગુનાહિત નાણાં જપ્ત કર્યા છે.

આ કાર્યવાહીમાં EDએ તેર લાખ પચાસ હજાર કરતા વધુ રોકડ રૂપિયા અને એક લક્ઝુરિયસ કાર અને ડિજિટલ ઉપકરણો પણ જપ્ત કર્યા છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે નવેમ્બર , 2016 થી જાન્યુઆરી 2018 ના સમયગાળા દરમિયાન, આરોપીઓએ બિટકનેક્ટ ના કથિત લેન્ડિંગ પ્રોગ્રામમાં રોકાણના રૂપમાં સિક્યોરિટીઝની છેતરપિંડી અને બિન-નોંધાયેલ ઓફર અને વેચાણ કર્યું હતું, વિશ્વભરના રોકાણકારો તરફથી, જેમાં ભારતમાં સ્થિત રોકાણકારોનો પણ સમાવેશ થાય છે.

આ ગેરકાયદે વ્યવહારો શોધી ન શકાય તે માટે ડાર્ક વેબ દ્વારા મોટી સંખ્યામાં વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ અગાઉ, ઉપરોક્ત કેસમાં, પ્રવર્તન નિદેશાલય(ED) અમદાવાદ ઝોનલ ઓફિસે ૪૮૯ કરોડ રૂપિયાની સ્થાવર અને જંગમ મિલકતો જપ્ત કરી હતી. આ કેસની તપાસ હાલમાં થઇ રહી છે.

# VADNAGAR CSTI

ઉત્તર ગુજરાતના વડનગરમાં કન્સ્ટ્રક્શન સ્કીલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ , CSTI સ્થપાશે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સરકાર સાથે લાર્સન એન્ડ ટુબ્રો , L&Tએ ઈન્સ્ટિટ્યુટની સ્થાપના માટે ગાંધીનગરમાં સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

L&T દ્વારા 22 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં ઈન્સ્ટિટ્યુટનું નિર્માણ થશે. ટૂંકા ગાળાના અભ્યાસક્રમોમાં દર વર્ષે એક હજારથી વધુ યુવાઓને તાલીમ કૌશલ્ય મળશે..

આ સેન્ટર દ્વારા ઉત્તર ગુજરાતમાં ધરોઈ વિસ્તારના વિવિધ વિકાસ કામો-ભારતમાલા પ્રોજેક્ટ તથા બાંધકામ ક્ષેત્રના અન્ય મોટા પ્રોજેક્ટ્સ માટે બાંધકામ ટેક્નોલોજીના જ્ઞાન-કૌશલ્યથી સજ્જ કુશળ તાલીમબદ્ધ યુવાનો તૈયાર કરાશે.

# PETHECONBJ

અમદાવાદમાં બી.જે.મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય ' પેથેકોનબીજે - ૨૦૨૫'માં આરોગ્ય મંત્રી  ઋષિકેશ  પટેલે જણાવ્યું હતું કે ડોક્ટર્સના દર્દી પ્રત્યેના દરેક નિદાનમાં પેથોલોજી અને રેડિયોલોજીના રિપોર્ટ્સનું ખૂબ મહત્ત્વ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ,અર્બન પી.એચ.સી.માં અગાઉ ૧૭ ટેસ્ટ કરવામાં આવતા હતા, જ્યારે હવે ૬૩ જેટલા ટેસ્ટ થાય છે..

તેમણે ઉમેર્યું હતું કે  રાજ્યમાં ૪૦ મેડિકલ કોલેજ છે આગામી સમયમાં વધુ ૧૦ મેડિકલ કોલેજ રાજ્યને મળશે તેમ પણ આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું.

બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી

# EXAM

ધોરણ 10 અને 12  બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખીને  અંબાજી ખાતે બી.ડી મહેતા આરાસુરી કન્યા વિદ્યાલયમાં પરીક્ષા પર ચર્ચાનું આયોજન કરવાં આવ્યું હતું.

પરીક્ષાર્થીઓને મોટીવેશન કરવા વિદ્યાલયના મુખ્ય ટ્રસ્ટી  રૂપાબેન મહેતા સાથે પોલીસ ઇન્સ્પેક્ટર તેમજ નિષ્ણાતોએ બાળકોને ભયમુક્ત બની પરીક્ષા આપી શકે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

ખાસ કરીને વિદ્યાર્થીઓ  હવે રાતભર ઉજાગર ના કરવા તેમજ સોશિયલ મીડિયાથી દૂર રહેવા મહત્વનું સૂચન કરવામાં આવ્યું હતું અને તેમાં આવા સમય બહારની ખાણી પીણી છોડી ઘરમાં જ સાત્વિક ભોજન લેવું તેવા સૂચનો કર્યા હતા

**બાઈટ-1 કૌશિક મોદી (અધિક કલેકટર,મંદિર ટ્રસ્ટ અંબાજી)**

# CAR ACCIDENT

મીઠાખળી છ રસ્તા નજીક જૈન દેરાસર પાસે ગઈકાલે સાંજે કાર કારચાલકે એક એક્ટિવા ચાલક મહિલા, એક કાર અને ત્રણ રાહદારીને અડફેટે લીધા બાદ કાર ડિવાઇડર સાથે અથડાઇ હતી.

લોકોએ પોલીસને જાણ કરતા ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે પહોંચીને કારચાલક સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

આ અકસ્માતમાં કુલ પાંચ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. જેમાં એક્ટિવાચાલક મહિલાનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ છે.

## (બાઈટ - નિતા દેસાઈ – ડીસીપી)

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા આયોજીત અંડર 20 ફાઈનલ મેચમાં અમદાવાદ જિલ્લાની ટીમ ચેમ્પિયન બની હતી , જ્યારે આણંદની ટીમ રનર અપ બની હતી.

અંકલેશ્વર ખાતે રમાયેલી અત્યંત રસાકસી ભરી મેચમાં અમદાવાદનો 5-1થી વિજય થયો હતો. વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

આ સમગ્ર સ્પર્ધા દરમિયાન ગુજરાતભરની ભાગ લીધેલ ટીમોમાંથી ગુજરાતની નેશનલ ટીમ માટે 30 સભ્યો તેમજ દસ સ્ટેન્ડ બાય ખેલાડીઓની પસંદગી પણ કરવામાં આવી હતી.

# WEATHER

રાજ્યમાં બે દિવસથી તાપમાનમાં વધારો થતાં ,બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડી ધીમે ધીમે ઘટતાં , દિવસ દરમિયાન ગરમીનો પારો ઉચકાઈ રહ્યો છે.

આગામી 24 કલાકમાં અમદાવાદમાં લઘુતમ તાપમાન 16 ડિગ્રી સેલ્સિયસ જ્યારે ગાંધીનગરમાં 14 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાઇ શકે છે. છેલ્લા 24 કલાકમાં પોરબંદરમાં 13.2 ડિગ્રી જેટલું રાજ્યનું લઘુતમ તાપમાન નોંધાયું છે. પવનની દિશા પશ્ચિમથી ઊતર પશ્ચિમ તરફ છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે માહિતી આપતા જણાવ્યું કે ..

**(બાઇટ –રામાશ્રય)**